# પાલનપુર નગરપાલિકા

અટલ બીહારી વાજપાઈ નગર સેવાસદન પાલનપુર

સિવિલ હોસ્પીટલ પાછળ, પાલનપુર-385001

Email- np_palanpur@yahoo.co.in , Tel- 02742-252031


## પેનલ એડવોકેટની નિમણૂક અંગે જરૂરી લાયકાત

પાલનપુર નગરપાલિકાની વિવિધ કોર્ટ/કાયદાકીય કાર્યવાહી, કેસો તથા નગરપાલિકાને લગતી કાનૂની બાબતોમાં નગરપાલિકાને પાલનપુરની કોર્ટ માટે કાનૂની સલાહ અને કોર્ટમાં પ્રતિનિધિત્વ આપવા માટે અનુભવી અને લાયકાત ધરાવતા એડવોકેટશ્રીઓની પેનલ તૈયાર કરવાની હોઈ, તે માટે રસ ધરાવતા લાયકાત ધરાવતા એડવોકેટશ્રીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

1. જરૂરી લાયકાત તથા અનુભવ

    1. અરજદાર ગુજરાત બાર કાઉન્સિલમાં નોંધાયેલ એડવોકેટ હોવા જોઈએ.
    2. નગરપાલિકા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ અથવા સંબંધિત કાયદાકીય બાબતોમાં કામ કરવાનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.
    3. કોર્ટમાં નિયમિત પ્રેક્ટિસ તથા સંબંધિત કાયદાઓનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.
    4. અરજદાર સામે કોઈ ગંભીર શિસ્તભંગની કાર્યવાહી/વ્યાવસાયિક ગેરવર્તણૂક અંગેનો નિર્ણય થયેલ ન હોવો જોઈએ.

2. અરજી સાથે રજૂ કરવાના દસ્તાવેજો

    - શૈક્ષણિક લાયકાતની નકલ.
    - બાર કાઉન્સિલ નોંધણી પ્રમાણપત્રની નકલ.
    - પ્રેક્ટિસ સર્ટિફિકેટ/સનદની નકલ.
    - કોર્ટ પ્રેક્ટિસ તથા અનુભવની વિગતો.
    - અગાઉ સરકારી/અર્ધસરકારી/નગરપાલિકા સંસ્થામાં પેનલ એડવોકેટ તરીકે કામગીરી કરી હોય તો તેની વિગતો.
    - સંપર્ક માટે મોબાઇલ નંબર, ઈ-મેઇલ તથા સરનામું.
    - અન્ય જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો.

3. કેસ દીઠ નીચે મુજબ ફી ચુકવવામાં આવશે.

    - ડિસ્ટ્રીક્ટ કોર્ટ રૂ.15,000/-
    - સિવિલ કોર્ટ રૂ.10,000/-
    - લેબર કોર્ટ રૂ.7,500/-

૪. અરજી કરવાની રીત

ઇચ્છુક એડવોકેટશ્રીઓએ ઉપરોક્ત વિગતો અને દસ્તાવેજો સાથે પોતાની અરજી મુખ્ય અધિકારીશ્રી, પાલનપુર નગરપાલિકા, પાલનપુરને સંબોધીને તા. 5 / 9 /2026 સુધીમાં કચેરીમાં રજિસ્ટર્ડ પોસ્ટ/સ્પીડ પોસ્ટથી મોકલવાની રહેશે.

૫. મહત્વની શરતો

1) પેનલમાં સમાવેશ થવાથી નગરપાલિકા તરફથી કેસ/કામ સોંપવાની કોઈ બાંહેધરી રહેશે નહીં.
2) નગરપાલિકાને જરૂરી જણાય તે મુજબ કેસ અથવા કાનૂની કામગીરી પેનલમાંથી કોઈપણ એડવોકેટને સોંપી શકાશે.
3) એડવોકેટને ચૂકવવામાં આવતી ફી/વ્યાવસાયિક મહેનતાણું નગરપાલિકા દ્વારા મંજૂર કરાયેલ નિયમો/ઠરાવ મુજબ રહેશે.
4) પેનલની મુદત, કામગીરી અને અન્ય શરતો નગરપાલિકાના સક્ષમ સત્તાધિકારી દ્વારા નક્કી કરવામાં આવશે.
5) નગરપાલિકાને કોઈપણ અરજી સ્વીકારવા કે નામ પેનલમાં સામેલ કરવા માટે કારણ દર્શાવ્યા વગર અધિકાર રહેશે.
6) અધૂરી અરજી અથવા જરૂરી દસ્તાવેજો વગરની અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
7) આ જાહેરખબરના સંદર્ભમાં અંતિમ નિર્ણય પાલનપુર નગરપાલિકાના સક્ષમ સત્તાધિકારીનો રહેશે.

(જીગર જે. પટેલ)
મુખ્ય અધિકારી (વર્ગ-૧)
પાલનપુર નગરપાલિકા